**મ્હેરબાન કેશોદના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ,મું. કેશોદ.**

**ફોજદારી કેસ નં.–૧૨૮૭/૨૦૨૫**

**આંક : –**

શ્રી સ ર કા ર . . . ....ફરિયાદી

**<u>વિરૂધ્ધ</u>**

તોફીકભાઈ કાશમભાઈ સોઢા ....આરોપી

**<u>ગુન્હો :– ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧ મુજબ</u>**

આ કામના ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીએ ચાર્જશીટ મા જણાવેલ તારીખે, સમયે અને સ્થળે તેમા જણાવ્યા મુજબ પુરઝડપે અને બેફીકરાઈથી તેમજ ગફલતભરી રીતે અકસ્માત થાય અને માણસોની જીંદગી જોખમાય તે રીતે પોતાના હવાલાની પીયાગો રીક્ષા ચલાવી ગુન્હો કરેલ હોય, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબનો ગુન્હો કરેલ છે. જે મુજબ પોલીસ તરફથી ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

આ કામે આરોપી આજરોજ અદાલતમાં હાજર છે, અને આરોપીએ ગુન્હો કબુલ કરવાની લેખિત પુરસીસ આપતા તથા આરોપી એ અત્રની કોર્ટ સમક્ષ એવી વિનંતી કરેલ છે કે, તે ગરીબ માણસ છે, મજુરી કરી ગુજરાન ચલાવે છે અને તેઓના કુટુબ નો આધાર તેમની ઉપર છે અને આ તેમનો પ્રથમ ગુન્હો છે. જેથી તેઓને ઓછામા ઓછી સજા અને ઓછામા ઓછો દંડ કરવો જોઈએ. અને આ સાથે આરોપી જણાવે છે કે, આગળથી આવો ગુન્હો ફરીથી નહી બને તેવું તે ચોકકસપણે ધ્યાન રાખશે.

હાલના કામે અત્રેની કોર્ટ ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧ વંચાણે લીધી તથા તેમાં આપેલ દંડની જોગવાઈ ધ્યાને લીધી તેમજ આરોપીની સ્થિતી તેમજ ગુનાનુ સ્વરૂપ તેમજ તમામ પરીબળોને ધ્યાને લીધા અને આ તમામ બાબતો ધ્યાને લેતાં નીચે મુજબ નો હુકમ કરવામા આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપીને કબુલાત પુરશીષના આધારે તકસીરવાન ઠરાવીને ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧ મુજબના ગુન્હાના કામે રૂા.૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા) નો દંડ ફરમાવવામા આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૦૨ (બે) ની સાદી કેદ ની સજા ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ: ૧૪મી, માહે:માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ નેશ્નલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કેશોદ.

તારીખ: ૧૪/૦૩/૨૦૨૬

(વાલજીભાઈ શાંમજીભાઈ પટેલ)
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
કેશોદ.
(gj01484)